અપીલ અરજી નં.૩૮૫ તા.૨૯–૧–૧૦

અરજદારઃ શ્રી મુગટલાલ બી. એન્ડ સન્સ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુગટલાલ બી. એન્ડ સન્સની તા.૪–૧૨–૦૯ ની અરજીથી જુદા જુદા ટેન્ડરો માટે લીધેલી બેંક ઓફ ઈન્ડીયાની અલગ અલગ રૂા.૩૫૨૫/– ની ફિકસ ડિપોઝીટની રસીદ જેના નાણાં આજદિન સુધી મળેલ નથી તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૮૫/૨૦૦૯–૧૦

શ્રી મુગટલાલ બી. એન્ડ સન્સની તા.૪–૧૨–૦૯ ની અરજીથી જુદા જુદા ટેન્ડરો માટે લીધેલી બેંક ઓફ ઈન્ડીયાની અલગ અલગ રૂા.૩૫૨૫/– ની ફિકસ ડિપોઝીટની રસીદ જેના નાણાં આજદિન સુધી મળેલ નથી તે અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૫૭૯૧ તા.૩૧/૧૨/૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ વિગતો મોકલી આપવા તથા સાથે સદર અરજીમાં અરજદારે ટેન્ડરના સીકયોરીટી ડીપોઝીટના નાણાં પરત મેળવવાની કાર્યવાહીને લગતી રજુઆત છે. જે અંગે ઘટતી કાર્યવાહી અર્થે મળેલ રજૂઆતની નકલ પણ પત્ર નં.આરટીઆઈસેલ/ ૧૨૬૯ તા.૮–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોનને તથા અરજદારને મુળ અરજીમાં કઈ માહિતી માંગવા માંગો છો ? અને કઈ માહિતી મળેલ નથી? તથા કઈ માહિતી બાબતે નારાજગી છે? તેની સ્પષ્ટતા કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સાઉથઝોન (ઉધના)/આ.૯૦ તા.૨૦–૨–૧૦થી પહોંચતી કરવામાં આવેલ માહિતીમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ,અરજદારની ડીપોઝીટ બાબતે કરેલ અરજીની નકલ, ડીપોઝીટ પેટે બેંક ઓફ ઈન્ડીયાના ડ્રાફટ રજુ કર્યાની નકલ, અરજદારના બેંક સ્ટેટમેન્ટની નકલ,પત્ર નં.સા.ઝોન/ટેક/૫૭૯૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, મોકલવામાં આવેલ. જયારે અરજદારે તા.૨૦–૨–૧૦ ના રોજ આપેલ માહિતીમાં છ વર્ષ થયા છતાં ડીપોઝીટના નાણાં પરત મળેલ નથી. તે મેળવવા રજૂઆત કરેલ છે. કોઈ માહિતી જોઈતી નથી પરંતુ ખાતા તરફથી ડીપોઝીટ પરત કરવા અંગે પાઠવેલ જવાબ ઓડિટમાં છે. તે સામે નારાજગી વ્યકત કરેલ છે. આમ અરજદારની મુખ્ય રજુઆત કામના નિકાલની જણાય છે.

અરજદારે તા.૪–૧૨–૦૯ ની અરજીથી જુદા જુદા ટેન્ડરો માટે લીધેલી બેંક ઓફ ઈન્ડીયાની અલગ અલગ રૂા.૩૫૨૫/– ની ફિકસ ડિપોઝીટની રસીદ જેના નાણાં આજદિન સુધી મળેલ નથી તે અંગે માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ કે સીકયુરીટી ડિપોઝીટ રકમ રૂા.૬૦૦/– રસીદ નં.૦૪૧૫૮૯ તા.૧૦–૬–૨૦૦૩ છુટી કરવા અંગેની કાર્યવાહી મંજુરી હેઠળ છે. જયારે સીકયોરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની અન્ય ફાઈલો ઓડિટ વિભાગમાં ચકાસણી અર્થે મોકલવામાં આવેલ હોઈ, અત્રે પરત આવ્યેથી છુટી કરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એવી માહિતી આપેલ. અરજદારે અપીલ તબકકે છવર્ષ પહેલા ઝોનના જુદા જુદા ટેન્ડરો પેટે અલગ અલગ સીકયોરીટી ડીપોઝીટના કુલ રૂા.૩૫૨૫/– પરત મળેલ નથી એમ જણાવી અપીલ કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય, અપીલ અરજી અંગે વધુમાં કાંઈ કરવાનું રહેતુ નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો તકરાર નિવારણ અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુગટલાલ બી. એન્ડ સન્સ,